## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ડિયર... કારણ છે... તારી સાથે બ્રેક અપ કરવાનું... તારી પાસે બેંક એકાઉન્ટ નથી, આધાર કાર્ડ નથી ઈ પેમેન્ટ કરતાં આવડતું નથી... તું જ કહે હું શું કરી શકું...??

# વાઈબ્રન્ટ સમિટ માટે શહેરમાં 'વાઈબ્રન્ટ' પોલીસ બંદોબસ્ત..!

### ૭મી જાન્યુઆરીથી શહેરમાં ૫ હજાર સુરક્ષા કર્મીઓ બંદોબસ્ત માટે તૈનાત રહેશે : ચેતક કમાન્ડો, ૭ કંપની એસઆરપી, ૧૦ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ અને ક્વીક રીસ્પોન્સ ટીમ પણ ખડેપગે રહેશે

વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૭ને પગલે પાટનગરમાં વીવીઆઈ મહાનુભાવો તથા દેશ-વિદેશથી ડેલીગેટ્સનું આગમન થશે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન સર્જાય તથા વીવીઆઈપી મહેમાનોની સલામીતને ધ્યાને રાખી શહેર ૭મી જાન્યુઆરીથી પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવશે. આઈજી ડીઆઈજી કક્ષાના અધિકારીઓના સુપરવિઝન હેઠળ શહેરમાં ૫ હજાર સુરક્ષા કર્મીઓ બંદોબસ્તમાં તૈનાત કરવામાં આવશે. ચેતક કમાન્ડોની ટીમો ઉપરાંત ૭ કંપની એસ.આર.પી., ૧૦ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ અને ક્વીક રીસ્પોન્સ ટીમો પણ બંદોબસ્ત કાર્યક્રમમાં ખડે પગે રહેશે.

વાઈબ્રન્ટ સમિટ અનુસંધાને પાટનગરના મહાત્મા મંદિર અને સોલ્ટ માઉન્ટ ઉપરાંત એક્ઝીબીશન સેન્ટર ખાતે વીવીઆઈપી મહાનુભાવોની જાન્યુઆરીમાં અવર-જવર રહેશે. સુરક્ષા અને સલામતીને પગલે શહેરની તમામ એન્ટ્રી-એક્ઝીટ પર પોલીસનું સતત ચેકીંગ રહેશે તે ઉપરાંત હોટલ ગેસ્ટહાઉસમાં ડેઈલી ચેકીંગ વધુ કરાશે. શહેરમાં જાન્યુઆરી દરમ્યાન લોખંડી સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવશે. ચાર આઈજી-ડીઆઈજી, ૧૫ ડીએસપી, ૮ એએસપી, ૫૦ ડીવાયએસપી, ૧૨૨ પીઆઈ, ૨૭૦ પીએસઆઈ, ૩૬ મહિલા પીએસઆઈ, ૨૬૦૦ પોલીસ, ૨૯૦ મહિલા પોલીસ, ૨૦૦ ટ્રાફીક પોલીસ, ૭ કંપની એસઆરપી, ૩ ટીમો ચેતક કમાન્ડો, ૧૦ ક્વીક રીસ્પોન્સ ટીમો અને ૧૦ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ મળીને ૫ હજાર જેટલા સુરક્ષા કર્મીઓ વાઈબ્રન્ટ બંદોબસ્તમાં ગાંધીનગર શહેરમાં તૈનાત રહેશે. રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાંથી પોલીસ ગાંધીનગર ખાતે બંદોબસ્ત માટે આવશે. ૭મી જાન્યુઆરીથી ૧૫ જાન્યુઆરી સુધી ૫ હજાર સુરક્ષા કર્મીઓ ગાંધીનગરમાં જ રહેશે અને તેમને રહેવા-જમવા માટે પુરતી વ્યવસ્થા તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે. ગેસ્ટ હાઉસો, હોટલો, રંગમંચો અને કેટલીક શાળા-કોલેજોનો પણ પોલીસ અધિકારી-કર્મચારીઓના રહેવા માટે ઉપયોગ કરવામાં આવશે.

## મહાત્મા મંદિર પાસેની પોલીસ 'બિઝનેશમેન લુક'માં દેખાશે

### મહાત્મા મંદિર અને સોલ્ટ માઉન્ટ પાસે બંદોબસ્તમાં તૈનાત પોલીસ અધિકારીઓ તેમના રેન્ક મુજબ અલગ અલગ કલરના બ્લેઝરમાં અને પોલીસ કર્મચારીઓ કોટીમાં સજ્જ જોવા મળશે : મહિલા પોલીસ મરૂન બ્લેઝરમાં ફરજ બજાવશે

વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન મહાત્મા મંદિર ખાતે દેશ-વિદેશથી ડેલીગેટ્સ અને વીવીઆઈપી મહાનુભાવો તથા બિઝનેશમેનોના આગમન થશે. જે અનુસંધાને મહાત્મા મંદિર અને સોલ્ટ માઉન્ટની અંદર તથા આસપાસમાં બંદોબસ્તમાં તૈનાત કરવામાં આવનાર પોલીસ અધિકારી કર્મચારીઓને પણ 'બિઝનેશમેન લુક' આપવામાં આવનાર છે. મહાત્મા મંદિર અને સોલ્ટ માઉન્ટ આસપાસ એસપી કક્ષાના અધિકારીઓ ઉપરાંત ૧૮ ડીવાયએસપી, ૫૦ પીઆઈ, ૧૦૦ પીએસઆઈ, ૪૫૦ પોલીસ અને ૧૦૦ મહિલા પોલીસને બંદોબસ્ત માટે ગોઠવવામાં આવશે. તે તમામ ડ્રેસ કોડ (ખાનગી)માં જોવા મળશે અને તે ઉપરાંતની પોલીસને ખાખી વર્ધીમાં બંદોબસ્ત કરવાનો રહેશે. મહાત્મા મંદિર આસપાસ બંદોબસ્તમાં તૈનાત થનાર પોલીસ અધિકારીઓ તેમના રેન્ક મુજબ અલગ અલગ કલર કોડ પ્રમાણે બ્લેઝરમાં જોવા મળશે. એસપી કક્ષાના અધિકારીઓ બ્લેક બ્લેઝર, ડીવાયએસપી બ્લ્યુ બ્લેઝર, પીઆઈ બોટલ ગ્રીન કલરનું બ્લેઝર અને પીએસઆઈ લાઈટ ગ્રે કલરના બ્લેઝરમાં ફરજ બજાવશે. તો બીજી તરફ મહિલા પોલીસ મરૂન બ્લેઝરમાં સજ્જ હશે. પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ અને એએસઆઈ કોટીમાં બંદોબસ્તમાં દેખાવા મળશે. આ તમામ અધિકારી-કર્મચારીઓના બ્લેઝર તથા કોટી અને પેન્ટ-શર્ટ સિવડાવવા માટે ટેલર બોલાવીને માપ પણ અપાવી દેવામાં આવ્યા છે.




## શહેરમાંથી વધુ ૩૧ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત

વાઈબ્રન્ટ સમિટને ધ્યાને રાખીને શહેરના માર્ગો પર ખડકાયેલ લારી ગલ્લા ધારકોને વાઈબ્રન્ટ સુધી દબાણમાં ઉભા નહી રહેવા સુચના આપી દીધા બાદ હવે શહેરને પ્લાસ્ટીક ફ્રી બનાવવા પ્રતિબંધિત પ્લાસ્ટીક રાખતા વેપારીઓને ત્યાં દરોડા પાડવાનું શરુ કરવામાં આવ્યું છે. પ્લાસ્ટીક વિરોધી દળના અધિકારી મહેશ મોડ તથા તેમની ટીમે આજે શહેરના અલગ અલગ વિસ્તારોમાં વેપારીઓને ત્યાં દરોડા પાડી ૩૧ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરી કડક કાર્યવાહી કરી હતી.

## શ્રી રામ યુવા સેનાના અધ્યક્ષ તરીકે નિમણુંક



હિન્દુવાદી સંગઠન શ્રી રામ યુવા સેનાના ગુજરાત રાજયના અધ્યક્ષ પદે દિવ્ય ત્રિવેદીની નિમણુંક કરવામાં આવી છે.તેલંગણાના ધારાસભ્ય અને શ્રી રામ યુવા સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજાસિંહ ઠાકુર દ્વારા તેમની નિમણુંક કરવામાં આવી છે. બ્રહ્મસમાજના અગ્રણીઓએ દિવ્ય ત્રિવેદીને અભિનંદન પાઠવ્યા છે.

## વિપો દ્વારા પુષ્ટિ પંચામૃત મહા મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

શ્રી વલ્લભાચાર્ય કલ્યાણ કૃપા ટ્રસ્ટ દ્વારા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના ષષ્ઠપીઠાધિશ્વર પૂ. દ્વારકેશલાલજી મહારાજના ૫૦મી સુવર્ણ જન્મ જયંતિ નિમિત્તે વૈષ્ણવ ઈન્નર-ફેઈથ પુષ્ટિમાર્ગીય ઓર્ગેનાઈઝેશન વિપો તથા વસ્ત્રાપુર-અમદાવાદ ખાતેની કલ્યાણ પુષ્ટિ હવેલી દ્વારા તા. ૧૭મી ડિસેમ્બરથી તા. ૨૧મી ડિસેમ્બર દરમ્યાન "સુવર્ણ સદાનંદ મહા મહોત્સવ તથા પુષ્ટિ પંચામૃત મહોત્સવ"નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં શ્રીકૃષ્ણને પ્રિય પાંચ વસ્તુઓ મોરલી, માખણ, મોરપિચ્છ, ગાય અને રાસની થીમ આધારિત સજાવટ સાથે ઉજવણી ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શલ હોલ ખાતે દરરોજ રાત્રે ૮ થી ૧૧ દરમ્યાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. જેમાં સુવિખ્યાત કલાકારો જેવા કે રૂપકુમાર રાઠોડ-સોનાલી રાઠોડ, ભીખુદાન ગઢવી, ઓસ્માણ મીર, પાર્થિવ ગોહિલ, માયાભાઈ આહિર, શેખર સેન વગેરે પોતાના પરફોર્મન્સ આપશે.

પુષ્ટિ પંચામૃત મહોત્સવમાં દરરોજ બપોરે ૩ થી ૬.૩૦ વાગ્યા દરમ્યાન કથાનું આયોજન કરાયું છે. આ ઉપરાંત દરરોજ રાત્રે ૮ થી ૧૧ વાગ્યા દરમ્યાન યોજાનાર કાર્યક્રમમાં તા. ૧૭ ડિસેમ્બરે રૂપકુમાર રાઠોડ-સોનાલી રાઠોડ, તા. ૧૮મી ડિસેમ્બરે ભીખુદાન ગઢવી, ઓસ્માણ મીર, તા. ૧૯મી ડિસેમ્બરે પાર્થિવ ગોહિલ, તા. ૨૦મી ડિસેમ્બરે માયાભાઈ આહિર તથા તા. ૨૧મી ડિસેમ્બરે શેખર સેન જેઓ સંત સૂરદાસના પાત્ર સાથે પરફોર્મન્સ આપશે.




## ઘટાટોપ વૃક્ષનો એક ભાગ ધરાશાયી

સેકટર-૨૮માં આરાધના સ્કુલની બાજુમાં ફુટપાથ નજીક ઘટાટોપ વૃક્ષનો એક ભાગ અચાનક જ ધરાશાયી થઈ ગયો છે. બે થી ત્રણ દિવસ પહેલાં રાત્રીના સમયે બનેલી આ ઘટના પછી સવારે પસાર થતા લોકોમાં વૃક્ષના પડી જવાના આ દ્રશ્યથી ભારે આશ્ચર્ય ફેલાયું છે. પવન, વાવાઝોડા કે વરસાદ વગર ભારેખમ વૃક્ષનો મોટો હિસ્સો ફુટપાથ ઉપર જ પડીને ફુટપાથને અવરોધી રહ્યો છે જેને ત્રણ દિવસ જેવો સમય પસાર થઈ ગયો છે છતાં તંત્ર ફુટપાથ ઉપરથી વૃક્ષનો આ હિસ્સો દુર કરી શકી નથી. વાઈબ્રન્ટ સમિટ અન્વયે શહેરના નવા રંગરૂપ અપાઈ રહ્યા છે ત્યારે તંત્ર આ અવરોધક પડી ગયેલા વૃક્ષને કયારે દુર કરશે તેવો સવાલ લોકો કરી રહ્યા છે.

## માણસા-દહેગામ નગરપાલિકામાં યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમમાં કુલ ૫૩૬૬ વ્યક્તિલક્ષી રજૂઆતો

માણસા દહેગામ નગરપાલિકાનો આજ રોજ સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. દહેગામ નગરપાલિકા વિસ્તારમાં યોજાયેલ સેવા સેતુમાં કુલ- ૨૩૧૫ અરજદારો દ્વારા અરજી કરવામાં આવી હતી. ૨૧૦૬નો હકારત્મક નિકાલ, ૨૦૯ અરજીઓ પડતર રાખવામાં આવી હતી. માણસા નગરપાલિકા ખાતેના સેવાસેતુ કાર્યક્રમમાં કુલ- ૩૦૫૧ અરજીઓ મળી હતી. ૩૦૨૬ અરજીઓનો નિકાલ, ૨૫ અરજીઓ પડતર રાખવામાં આવી હતી.

વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર અને જિલ્લા કલેકટર શ્રી સતીશભાઈ પટેલના હસ્તે દહેગામ અને માણસા નગરપાલિકા વિસ્તારમાં યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમમાં અરજદારોને આવકના પ્રમાણપત્રો સહિત અન્ય પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. બન્ને જગ્યાએ રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા ઉભા કરાયેલ ડિઝિટલ પેમેન્ટના તાલીમ કેમ્પ દ્વારા અરજદારોને ઈ-પેમેન્ટ કરવાની પધ્ધતિથી માહિતગાર કરવામાં આવ્યા હતા. દહેગામ અને માણસા નગરપાલિકા વિસ્તારમાં યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમની ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર, માણસા સેવા સેતુ કાર્યક્રમની મુલાકાત માણસાના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરીએ લીધી હતી.



ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે આજે સવારે વિકાસ કમિશનર સુશ્રી જયંતિ રવિ જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટ, જિલ્લા કોર્ડીનેટર મહેન્દ્રભાઈ, તાલુકા વિકાસ અધિકારી રોઝની ટીમ સાથે પહોંચ્યા હતા. ખુલ્લામાં શૌચક્રિયા માટે જતા ગ્રામજનોને ગુલાબનું ફૂલ આપી ગાંધીગીરી કરી ગામને નિર્મળ અને સ્વચ્છ બનાવવાના અભિયાન અંગે તેમણે ગ્રામજનોને સંદેશ આપ્યો હતો.

## સફાઈની સેવા સામે તંત્રના ઉદાસીન વલણનો લઈ કોંગ્રેસનો રોષ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં વધતી જતી ગંદકી અને સફાઈની સેવા બાબતે તંત્ર દ્વારા દાખવવામાં આવતી ઉદાસીનતા સામે કાઉન્સીલર અંકિત બારોટે રોષની લાગણી વ્યક્ત કરી આ મુદ્દે સામાન્ય સભામાં ચર્ચા કરવામાં આવે તેવી માંગ કરી છે.

અંકિત બારોટે રંગમંચોના રિનોવેશનમાં પણ ટેન્ડરની શરતો સામે કોઈની મિલીભગતથી ફેરફારો કરાતા હોવાની શંકા વ્યક્ત કરી છે.

આજે એક નિવેદનમાં તેમણે જણાવ્યું છે કે આગામી જાન્યુઆરી માસમાં ઈન્ટરનેશનલ કક્ષાનો કાર્યક્રમ 'વાઈબ્રન્ટ સમીટ' ગાંધીનગર ખાતે યોજવા જઈ રહ્યો છે, ગાંધીનગર મહાનગરપાલિકાના હદમાં આ કાર્યક્રમ થઈ રહ્યો છે, શહેરની સ્વચ્છતાની જવાબદારી તેમજ સર્કલ રીનોવેશનની જવાબદારી ગાંધીનગર મહાનગર પાલિકાના શિરે છે, આ બંને વિષયોમાં કોઈ પણ પ્રકારના આગવા આયોજન સાથે કોઈ કાર્ય કરવામાં આવેલ નથી, ઉપરાંત આ મહીને મળનારી સામાન્ય સભા પણ રદ કરવામાં આવી છે, જે તદ્દન ગંભીર બાબત છે.

બીજી બાજુ ગાંધીનગર શહેરના રંગમંચના રીનોવેશનનું કામનું ટેન્ડર કરવામાં આવ્યું છે. આ ટેન્ડર પ્રક્રિયામાં ગંભીર પ્રકારે મીલીભગત જોવા મળી રહી છે, ટેન્ડરની શરતમાં ૩૨૦ લાખ (ત્રણ કરોડ વીસ લાખ)નું કામ એક જ વખતમાં કર્યુ હોય તેવી શરત માંગવામાં આવી છે, આ શરત નક્કી કરેલી એજન્સી કામ કરી શકે તેના ઈશારે રાખવામાં આવી છે, જેમાં માત્ર ગાર્ડનનું કામ કરેલું હોય અને ૩.૨૦ કરોડનું એક જ વખતમાં કામ કર્યુ હોય તેવી શરત મુકવામાં આવી છે, જે તદ્દન ગેરવાજબી છે, કોઈ પણ પ્રકારે પોતાની માનીતી એજન્સીને કામ આપવા માટે આ શરત કરવામાં આવી છે, જેનો હું સખત વિરોધ કરૂ છું અને આ ટેન્ડર યોગ્ય શરતો સાથે ફરીથી કરવામાં આવે તેવી માંગણી કરૂ છું.




રવિવારે ગાંધીનગર શહેરના વિવિધ વિસ્તારોમાં ખેડૂતો દ્વારા શાકભાજીના સીધા વેચાણ કેન્દ્રો ભરવાના તંત્રના અભિગમની આજે જિલ્લા કલેક્ટર સતીષ પટેલે સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં જિલ્લા ખેતીવાડી તંત્રના અધિકારીઓ, મનપાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોને વેચાણ માટે પુરતી જગ્યા, પોલીસ, પાણી સહિતની સુવિધા મળી રહે તે જોવા કલેકટરે જણાવ્યુ હતુ.

## પંચાયતની ચૂંટણી માટે ૭૦ વાહનો સંપાદન કરાશે

ગાંધીનગર જિલ્લામાં યોજાનાર ૧૭૫ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે ૭૦ જેટલા વાહનો સંપાદન કરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ચારેય તાલુકામાં પંચાયતોની ચૂંટણીઓ ૨૭મી ડિસેમ્બરના રોજ યોજાવાની છે. આ ચૂંટણી માટે ૪૨ ચૂંટણી અધિકારીઓ અને ઝોનલ સુપરવાઈઝરો માટે વાહનની જરૂરિયાત હોવાથી આ વાહનો સંપાદિત કરવામાં આવશે. જિલ્લા કલેક્ટર દ્વારા દરેક મામલતદાર પાસેથી આ ચૂંટણી અંગેની જરૂરિયાતો માંગી લેવામાં આવી છે. ચૂંટણીના દિવસે કોઈ તકલીફ ના પડે તે માટેની તૈયારીઓ તંત્રએ શરૂ કરી દીધી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બસો જે ચૂંટણી સ્ટાફને મોકલવા માટે તેમજ પરત લઈ આવવા માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે.

જિલ્લા કલેકટરશ્રીએ જિલ્લા આર.ટી.ઓ. કચેરી સાથે સંકલમાં રહી વાહન સંપાદનની કાર્યવાહી હાથ ધરવાની સૂચનાઓ આપી છે. તેમજ એસ.ટી. બસોની જરૂરિયાત અંગે ડેપો મેનેજર સાથે પરામર્શમાં રહી વ્યવસ્થા ગોઠવવા માટે મામલતદારોને સૂચના આપી છે.

ટચૂકડી જાહેર ખબર

Change of Name

I have changed my name from JIGARKUMAR VINODCHANDRA PARMAR to JIGARKUMAR VINODCHANDRA SAGAR. Add: Plot no. 34/2, Sector-14, Near Mahatma Temple, Gandhinagar.

Change of Name

I have changed my name from RUPALBEN PURUSHOTAMBHAI MAKWANA to RUPALBEN JIGARKUMAR SAGAR. Add: Plot no. 34/2, Sector-14, Near Mahatma Temple, Gandhinagar.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ